# ગુજરાત યુનિવર્સિટી

## ચૂંટણી અંગેની જાહેરાત

### ઈલેક્શન ૨૦૧૭

નીચે જણાવેલ ચુંટણીઓ રવિવાર, તા. ૨૬-૩-૨૦૧૭ના રોજ યોજવામાં આવી છે. તેની સૌ લાગતાવળગતાએ નોંધ લેવા વિનંતી છે. (૧) ગુજરાત યુનિવર્સિટી કોર્ટ પરની વિદ્યાર્થી પ્રતિનિધિઓની ૧૦ જગ્યાઓ માટેની ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૬ (૧) વર્ગ બીજો સામાન્ય સભ્યો પેટા કલમ (બી) (૧) (એ) (બી) (સી) તથા સ્ટે.-૧૪(સી) અન્વયે (૨) બોર્ડ ફોર સ્ટુડન્ટ્સ વેલ્ફેરની ૧૪ જગ્યા માટેની ચૂંટણી (ગુજરાત યુનિવર્સિટીના ધારા શિડ્યુલ ૨ ના સ્ટે. નં. ૬ની પેટા કલમ-૧૨ તથા ઓર્ડિનન્સ ૫૧ (એ) અન્વયે સદરહુ બેઉ સત્તામંડળો (૧) યુનિવર્સિટી કોર્ટ (૨) બોર્ડ ફોર સ્ટુડન્ટ્સ વેલ્ફેરની ચૂંટણી દ્વારા પૂરવાની જગ્યાઓની સંખ્યા, તે અંગે ઉમેદવારીપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ, ઉમેદવારીપત્રોની ચકાસણીની તારીખ વગેરે નીચે મુજબ છે.

**(૧) યુનિ. કોર્ટ પર વિદ્યાર્થી પ્રતિનિધિઓની**
**૧૦ જગ્યાઓ માટેની ચૂંટણીની વિગતો**

| **મતદાર વિભાગ** | | **બેઠકની સંખ્યા** |
|---|---|---|
| ક. | યુનિ.ના અનુસ્નાતક વિદ્યાભવનો, માન્ય સંસ્થાઓ અને યુનિ. સ્થાપિત અનુસ્નાતક કેન્દ્રમાં જોડાયેલ વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓના અનુ. કક્ષાના વિદ્યાર્થીઓમાંથી | ૩ (ત્રણ) પ્રત્યેક વિદ્યાશાખા દીઠ એકએક બેઠક |
| ખ. | વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાઓમાં આ યુનિ. સાથે સંલગ્ન કૉલેજોમાં પૂર્વસ્નાતક કક્ષાના અભ્યાસ માટે જોડાયેલા વિદ્યાર્થીઓમાંથી | ૩ (ત્રણ) પ્રત્યેક વિદ્યાશાખાદીઠ એકએક બેઠક |
| ગ. | અનુસ્નાતક અને પૂર્વસ્નાતક કક્ષાએ સંયુક્ત રીતે નોંધાયેલ નીચેની વિદ્યાશાખાઓમાંથી : (૧) શિક્ષણ (૨) કાયદો (૩) તબીબી (૪) દંતશાસ્ત્ર | ૪ (ચાર) પ્રત્યેક વિદ્યાશાખાદીઠ એકએક બેઠક |

**ઉમેદવારી નોંધાવવા માટેની લાયકાતો**

(૧) **યુનિ. કોર્ટ પરના અનુસ્નાતક વિદ્યાર્થી પ્રતિનિધિઓ માટેની જગ્યાઓની ઉમેદવારી કરવા માટેની લાયકાત :** કોઈ પણ અનુસ્નાતક વિદ્યાર્થી જેઓ ચાલુ શૈક્ષણિક વર્ષની તારીખ ૩૦-૯-૨૦૧૬ સુધીમાં આ યુનિ.નાં અનુસ્નાતક વિદ્યાભવનોમાં, માન્ય સંસ્થામાં કે યુનિ.માં અનુસ્નાતક કેન્દ્રોમાં વિદ્યાર્થી તરીકે જોડાયા હોય તેઓ ઉમેદવારી નોંધાવવાને પાત્ર બનશે. (૨) **પૂર્વસ્નાતક વિદ્યાર્થી પ્રતિનિધિ માટે ઉમેદવારી માટેની લાયકાત :** કોઈ પણ પૂર્વસ્નાતક વિદ્યાર્થીઓ જેઓ ચાલુ શૈક્ષણિક વર્ષની તા. ૩૦-૯-૨૦૧૬ સુધીમાં આ યુનિ.ના સંલગ્ન કૉલેજમાં પૂર્વસ્નાતક વિદ્યાર્થી તરીકે જોડાયા હોય તેઓ ઉમેદવારી નોંધાવવાને પાત્ર બનશે. (૩) ગુજરાત યુનિ. ધારાની કલમ ૧૬(૧) વર્ગ બીજો (બી)(૧)(એ)(બી) અને (સી)ના પ્રોવીઝો મુજબ કોઈપણ બે શૈક્ષણિક વર્ષ માટે વિદ્યાર્થી કોર્ટ પરનું સભ્યપદ ધરાવી ગયા હોય તેવા વિદ્યાર્થીઓ ઉમેદવારી કરી શકશે નહીં તેની નોંધ લેવી.

**(૨) બોર્ડ ફોર સ્ટુડન્ટસ વેલ્ફેર પરની કુલ**
**૧૪ સભ્યોની જગ્યાઓ માટેની ચૂંટણીની વિગતો**

| **મતદાર વિભાગ** | | **બેઠકની સંખ્યા** |
|---|---|---|
| (અ) | અમદાવાદ શહેરની કૉલેજો, માન્ય સંસ્થાઓ અને વિદ્યાભવનોના વિદ્યાર્થી મંડળના સભ્યોમાંથી | ૭ (સાત) (૨ વિદ્યાર્થીની બહેનો સહિત) |
| (બ) | અમદાવાદ શહેરની બહારની કૉલેજો, માન્ય સંસ્થાઆનો વિદ્યાર્થીમંડળના સભ્યોમાંથી | ૭ (સાત) (૨ વિદ્યાર્થીની બહેનો સહિત) |

**ઉમેદવારી નોંધાવવા માટેની લાયકાતો :**

બોર્ડ ફોર સ્ટુડન્ટસ વેલ્ફેરની ચૂંટણી માટે જે તે વિદ્યાર્થીમંડળોના સભ્યો કે જેઓનાં નામો તેઓની કૉલેજો, માન્ય સંસ્થાઓ, યુનિ. વિદ્યાભવનોમાંથી ઑર્ડિ. ૫૧-એની કલમ ૨ની પેટાકલમ અને બી મુજબ મતદાર યાદી માટે આવેલ હોય તે જ વિદ્યાર્થીસભ્યો ઉમેદવારી કરી શકે તથા તેમની ઉમેદવારી માટેના પ્રસ્તાવ રજૂ કરી શકે કે તેને ટેકો આપી શકે.

**(૩) ઉપર જણાવેલ ક્રમાંક (૧) અને (૨)ના મતદાર વિભાગની ચૂંટણીનો કાર્યક્રમ નીચે મુજબ છે.**

૧. જુદી જુદી વિદ્યાશાખાઓની મતદારયાદીઓ તા. ૨૨-૨-૨૦૧૭ને બુધવારના રોજ પ્રસિદ્ધ કરવામાં આવશે.
૨. ઉમેદવારીપત્રો યુનિવર્સિટી વેબસાઇટ પર ઉપલબ્ધ કરવામાં આવશે.
૩. જુદી જુદી મતદારયાદીઓમાં સુધારા કરવાની છેલ્લી તા. ૪-૩-૨૦૧૭ને શનિવાર સાંજના ૪-૦૦ વાગ્યા સુધી રહેશે.
૪. ઉમેદવારીપત્રો સ્વીકારવાની છેલ્લી તા. ૯-૩-૨૦૧૭ને ગુરુવાર સમય સાંજના ૪-૦૦ વાગ્યા સુધી.
૫. ઉમેદવારીપત્રો ચકાસવાની તા. ૧૦-૩-૨૦૧૭ને શુક્રવારના રોજ સમય બપોરના ૪-૦૦ વાગ્યાથી.
૬. ઉમેદવારી પાછી ખેંચવાની તા. ૧૧-૩-૨૦૧૭ને શનિવારના રોજ સમય સાંજના ૪-૦૦ વાગ્યા સુધીમાં (સ્ટે. ૧૫૦ મુજબ અરજી મળે તે રીતે)
૭. ચૂંટણીની તા. ૨૬-૩-૨૦૧૭ને રવિવારના રોજ સમય સવારના ૧૧-૦૦ વાગ્યાથી સાંજના ૫-૦૦ વાગ્યા સુધી નિયત કરેલા મતદાન કેન્દ્રો ઉપર.

**અગત્યની નોંધ**

**(૧)** મતદાર યાદીઓ તૈયાર કરવા માટે મતદારોની માહિતી મંગાવવા માટેનો પરિપત્ર જે તે સંસ્થાને મોકલી આપવામાં આવેલ હતો. આ માહિતી મોકલવાની છેલ્લી તારીખ ૧૫-૨-૨૦૧૭ હતી તેની સૌ લાગતાવળગતાઓએ નોંધ લેવી. તા. ૧૫-૨-૨૦૧૭ પછી આવેલ માહિતી સ્વીકારવામાં આવશે નહીં અને તેવા મતદારોનો મતદાર યાદીમાં સમાવેશ કોઈપણ સંજોગોમાં થઈ શકશે નહીં અને તે બાબતે કોઈ વિવાદને અવકાશ રહેશે નહીં તેની ખાસ નોંધ લેવી. **(૨)** યુનિવર્સિટી કોર્ટ પર વિદ્યાર્થી પ્રતિનિધિઓની ચૂંટણી તથા બોર્ડ ફોર સ્ટુડન્ટ્સ વેલ્ફેરની ચૂંટણી માટેની જુદા જુદા મતદાર વિભાગોની મતદાર યાદીઓ તા. ૨૨-૨-૨૦૧૭ બુધવારના રોજ પ્રસિદ્ધ કરવામાં આવશે. ત્યારબાદ આ મતદાર યાદીઓમાં જે સુધારા વધારા કરવાના થતા હોય તો તે માટે તા. ૪-૩-૨૦૧૭ શનિવાર બપોર ૪-૦૦ કલાક સુધીમાં કુલપતિશ્રીને મળે તે રીતે અરજી કરવી આવશ્યક છે. ઉપર (૧) અને (૨)માં જણાવેલ મતદાર યાદીઓમાં સુધારા વધારાની માહિતી તા. ૪-૩-૨૦૧૭ પછી આવેલ અરજી નિયત સમયમર્યાદા બહાર હોઈ તે ઉપર ધ્યાન આપવામાં આવશે નહીં અને સુધારાવધારા થઈ શકશે નહીં. **(૩)** સ્ટે. ૧૪૯ મુજબ ઉમેદવારીપત્રો તે માટેના નિયત કરેલ પત્રકમાં ઉમેદવારની સહી તથા તારીખ સાથે હોવા જોઈએ અને તેમાં નિયમાનુસાર ઉમેદવાર માટેના પ્રસ્તાવ મૂકનાર તથા ટેકો આપનારાઓની સહી, તેમના પૂરા નામ, જો કોઈ પદવી હોય તો તે પદવી, તેમનાં પૂરા સરનામાં વગેરે લખેલાં હોવા જોઈએ. ઉમેદવારો ઉમેદવારીપત્રક પર પોતે ઉમેદવારી કરવા ઇચ્છે છે તે મુજબની પોતાની સંમતિ દર્શાવવી આવશ્યક રહેશે. નિયત ઉમેદવારી પત્રકમાં માગેલ જરૂરી માહિતિ આપવામાં નહીં આવી હોય તો તે ઉમેદવારીપત્રક રદબાતલ થવાને પાત્ર રહે છે. **(૪)** ઉમેદવારી પત્રો યુનિવર્સિટી વેબસાઇટ ઉપર મળી રહેશે. **(૫)** જે ઉમેદવારોની તા. ૩૦-૯-૨૦૧૬ના રોજ પૂર્વસ્નાતક કક્ષાની બેઠક માટે વધુમાં વધુ ૨૫ વર્ષની ઉંમર તથા અનુસ્તનાતક કક્ષાની બેઠક માટે વધુમાં વધુ ૨૮ વર્ષની ઉંમર ધરાવતા હશે તેઓ જ સદરહુ ચૂંટણીઓમાં ઉમેદવારી નોંધાવી શકશે. **(૬)** ભરેલા ઉમેદવારી પત્રની સાથે સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ/ટ્રાન્સફર સર્ટિફિકેટની પ્રમાણીત નકલ જોડવી ફરજિયાત છે. **તેમજ ભરેલું ઉમેદવારીપત્ર યુનિ. કાર્યાલયમાં રૂબરૂમાં જમા કરાવવાનું રહેશે અને ઉમેદવારીપત્ર રૂબરૂમાં જમા કરાવતાં સમયે ઓરિજિનલ સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ/ટ્રાન્સફર સર્ટિફિકેટ તપાસવા માટે રજૂ કરવાનું રહેશે.** **(૭)** ઉપરોક્ત મતદાર વિભાગો માટેનાં ચૂંટણી અંગેનાં ઉમેદવારીપત્રોની ચકાસણી દરમિયાન ઉમેદવાર પોતે અગર તો તેમણે આ સંબંધમાં જેને લેખિત અધિકાર આપ્યો હશે તેવી એક વ્યક્તિ હાજર રહી શકશે. **(૮)** ઉમેદવારીપત્રોની ચકાસણીની નિયત તારીખ અને સમય બાદ તેના ૨૪ કલાક સુધીમાં જે તે ઉમેદવાર પોતાની ઉમેદવારી સ્ટે. ૧૫૫માં જણાવ્યા મુજબ જરૂરી સહી-સાક્ષી કરી કરાવીને પોતાની અરજી કુલસચિવશ્રીને તા. ૧૧-૩-૨૦૧૭ને શનિવારના સાંજના ૪-૦૦ વાગ્યા સુધીમાં મળે તે રીતે મોકલીને **પોતાની ઉમેદવારી માત્ર રૂબરૂમાં આવીને જ પાછી ખેંચી શકશે.** **(૯)** ઉમેદવારી પત્રોની ચકાસણી થયા બાદ ઉમેદવારી અંગેની જરૂરી જાહેરાત બનતી ત્વરાએ યુનિ. કાર્યાલયના નોટિસ બોર્ડ ઉપર મૂકવામાં આવશે. **(૧૦)** (ક) યુનિ. કોર્ટ પરની વિદ્યાર્થી પ્રતિનિધિઓની ચૂંટણી તથા (ખ) બોર્ડ ફોર સ્ટુડન્ટ્સ વેલ્ફેરની વિદ્યાર્થી પ્રતિનિધિઓની ચૂંટણીના મતદારોને અનુક્રમે સ્ટે. ૧૪ (સી) અને ઓ.-૫૧ (એ) અન્વયે સંલગ્ન કૉલેજોના આચાર્યો, માન્ય સંસ્થાઓના વડાઓ અગર યુનિ.નાં વિદ્યાભવનોનાં અધ્યક્ષોએ આપેલા ઓળખપત્ર જેમાં મતદારનું પૂરું નામ તથા પાસપોર્ટ કદનો પોતાનો તાજેતરનો ફોટોગ્રાફ તેના ઉપર ચોંટાડીને તે ઓળખપત્ર મતદાન સમયે ચૂંટણી અધિકારી સમક્ષ રજૂ કર્યેથી જે તે વિદ્યાર્થી મતદારને મતદાન કરવા માટે મતપત્ર આપવામાં આવશે. **(૧૧)** વિદ્યાર્થી મતદાર જે ગામ કે શહેરમાં આવેલી પોતાની કૉલેજ કે સંસ્થા કે અનુસ્નાતક કેન્દ્રમાં પૂર્વસ્નાતક કે અનુસ્નાતક અભ્યાસ માટે જોડાયા હશે અને તે માટે જે ગામ કે શહેરને ચૂંટણી મથક તરીકે નિયુક્ત કરવામાં આવ્યું હશે તે સિવાયના અન્ય ચૂંટણી મથકે મતદાન કરી શકશે નહીં. **(૧૨)** ઉપરોક્ત મતદાર વિભાગોની ચૂંટણી નિયત મતદાન કેન્દ્રો ઉપર ગુપ્ત મતદાનથી થશે અને તે પ્રપોર્શનલ રીપ્રેઝન્ટેશન બાય મીન્સ ઑફ એ સિંગલ ટ્રાન્સફરેબલ વોટની એટલે કે એકડા-બગડાવાળી પદ્ધતિ અનુસાર થશે. તે મુજબ (૧) પ્રત્યેક મતદાર એક સંક્રામ્ય (ટ્રાન્સફરેબલ) મત આપી શકશે. (૨) (અ) મત નોંધતી વખતે જે ઉમેદવારને મત આપવાનો હોય તેમના નામ સામે મતપત્રકમાં-૧ સંખ્યા મતદારે મૂકવી આવશ્યક છે. (બ) વધારામાં પોતાની પસંદગીના બીજા ઉમેદવારોનાં નામોની સામે ક્રમ પ્રમાણે ૨, ૩, ૪, ૫ અને તે પછીની સંખ્યા ક્રમાંક પ્રમાણે દર્શાવી શકશે. **(૧૩)** મતદાર યાદીઓ યુનિની વેબસાઇટ www.gujaratuniversity.ac.in પર તારીખ ૨૨-૨-૨૦૧૭ના રોજ મુકવામાં આવશે.

તા. ૨૨-૨-૨૦૧૭ **ડૉ. પીયુષ પટેલ**
અમદાવાદ-૩૮૦ ૦૦૯ કા. કુલસચિવ